SACHIVALAYA NEW CREDIT SOCIETY
SNCS
GANDHINAGAR
Reg No. 14309
Date. 01/03/1982

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

બ્લોક નં. ૬, બીજો માળ, સચિવાલય સંકુલ, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૨૯૫૪, ૨૩૨૫૧૪૯૬, ૯૯૭૮૪૦૧૨૪૦.
Email : sncs1982@gmail.com | Website : https://www.sncsgujarat.org

# ૪૩ મો વાર્ષિક અહેવાલ તથા હિસાબો

## સને ૨૦૨૩-૨૦૨૪

### ઓડીટ વર્ગ "અ" (સૂચિત)



# વ્યવસ્થાપક મંડળ : ૨૦૨૩-૨૦૨૪



**શ્રી કીર્તિ એલ. પટેલ**
પ્રમુખ



**સુશ્રી માનસી ડી ખોખાણી**
ઉપપ્રમુખ



**શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ**
માનદ્‌મંત્રી



**શ્રી આનંદ બી. શ્રીમાળી**
સહમંત્રી



**સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ**
ચેરમેન લોન સમિતિ



**સુશ્રી અરૂણાબેન આઈ. પટેલ**
ચેરમેન ખરીદ સમિતિ



**શ્રી દિલીપકુમાર વી. દેસાઈ**
ચેરમેન આઈ.ટી. સમિતિ



**સુશ્રી સમીક્ષા એચ. કમાણી**
ડીરેક્ટર



**શ્રી તારક જે. પટેલ**
ડીરેક્ટર



**શ્રી રુદ્રદત્તસિંહ બી. વાઘેલા**
ડીરેક્ટર



**શ્રી જૈમિન જે. પટેલ**
ડીરેક્ટર



**શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા**
ડીરેક્ટર



**શ્રી મૃણાલ ડી. છાયા**
ડીરેક્ટર



**શ્રી હિતેજ્ઞ જે. પટેલ**
ડીરેક્ટર



**શ્રી જયદિપસિંહ આઈ. ગોહિલ**
ડીરેક્ટર



**શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા**
મેનેજર

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## વ્યવસ્થાપક મંડળ

| અ.નં. | નામ | હોદ્દો | વિભાગ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કીર્તિ એલ. પટેલ | પ્રમુખ | નર્મદા જળસંપત્તિ પા.પુ અને ક.વિભાગ | ૫૧૭૬૪ |
| ૨ | સુશ્રી માનસી ડી. ખોખાણી | ઉપપ્રમુખ | નાણા વિભાગ | ૫૦૬૬૨ |
| ૩ | શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ | માનદમંત્રી | મહેસૂલ વિભાગ | ૫૧૫૬૭ |
| ૪ | શ્રી આનંદ બી. શ્રીમાળી | સહમંત્રી | સામાન્ય વહીવટ વિભાગ | ૫૨૦૨૨ |
| ૫ | સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ | ચેરમેન લોન સમિતિ | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૩૬૯ |
| ૬ | સુશ્રી અરૂણાબેન આઇ. પટેલ | ચેરમેન ખરીદ સમિતિ | નાણા વિભાગ | ૫૪૭૨૫ |
| ૭ | શ્રી દિલીપકુમાર વી. દેસાઈ | ચેરમેન આઇ.ટી. સમિતિ | આરોગ્ય અને પરીવાર ક. વિભાગ | ૫૪૬૫૧ |
| ૮ | સુશ્રી સમીક્ષા એચ. કમાણી | ડીરેક્ટર | નાણા વિભાગ | ૫૦૬૮૬ |
| ૯ | શ્રી તારક જે. પટેલ | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૪૪૬ |
| ૧૦ | શ્રી રૂદ્રદત્તસિંહ બી. વાઘેલા | ડીરેક્ટર | મહેસૂલ વિભાગ | ૫૧૨૭૫ |
| ૧૧ | શ્રી જૈમિન જે. પટેલ | ડીરેક્ટર | મહીલા અને બાળ વિકાસ વિભાગ | ૫૪૮૬૮ |
| ૧૨ | શ્રી જસ્મીનકુમાર પી. કાવઠિયા | ડીરેક્ટર | ગુજરાત વિધાનસભા | ૫૩૦૪૫ |
| ૧૩ | શ્રી મૃણાલ ડી. છાયા | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૭૭૮૬ |
| ૧૪ | શ્રી હિતેજ્ઞ જે. પટેલ | ડીરેક્ટર | ગુજરાત વિધાનસભા | ૫૩૦૯૭ |
| ૧૫ | શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ | ડીરેક્ટર | નાણા વિભાગ | ૫૪૭૩૧ |

## કર્મચારી ગણ

| અ.નં. | નામ | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા | મેનેજર | ૫૧૪૯૬ |
| ૨ | શ્રી વિષ્ણુ એચ. પ્રજાપતિ | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૩ | શ્રી સંજય એન. જાની | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૪ | શ્રી પરેશ એ. દવે | પટાવાળા | ૫૨૯૫૪ |

### ઓડીટર્સ

**શ્રી જયદેવ પરમાર એન્ડ કુ.**
**૨૦૧, બીજો માળ, શુભ કોમ્પલેક્ષ,**
**સેક્ટર-૨૧, ગાંધીનગર.**
**(મો) ૯૮૨૫૪ ૪૪૬૯૯**

### બેન્કર્સ

**૧. ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લિ.**
પાટનગર શાખા, ગાંધીનગર. ફોન:૨૩૨૨૨૩૧૯

**૨. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
સચિવાલય સંકુલ, ગાંધીનગર. ફોન-૨૩૨૨૧૪૪૫

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી સોસાયટીની ૪૩મી વાર્ષિક સાધારણ સભા **તા.૨૬-૦૬-૨૦૨૪ ને બુધવારના રોજ સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળશે.** કોરમના અભાવે મુલતવી રહેલ સાધારણ સભા સોસાયટીના પેટા નિયમ-૩૧ ની જોગવાઈ પ્રમાણે અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે મળશે અને નીચે દર્શાવેલ કાર્યસુચિ પ્રમાણે કામકાજ હાથ ધરશે.

(૧) સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ. સુરેશકુમાર એ. શર્મા (૩૧૪૮), માર્ગ અને મકાન વિભાગ (૨) સ્વ.ભરતકુમાર વી. ડામોર (૩૫૫૮), ન.જ.સં.પા.પૂ. અને ક.વિ. વિભાગને શોકાંજલી આપવા બાબત.

(૨) મંડળીના પેટા નિયમ પરિશિષ્ટ-'બ' ની જોગવાઈ મુજબ તા.૨૫-૦૬-૨૦૨૪ ને મંગળવારના રોજ યોજાનાર વ્યવસ્થાપક મંડળના સભ્યોની ચૂંટણીના પરીણામની જાહેરાત બાબત.

(૩) ગત તારીખ ૩૦-૦૬-૨૦૨૩ને શુક્રવારના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ મંજુર રાખવા અંગે.

(૪) (અ) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો મંજુર રાખવા અંગે.

(બ) માર્ચ – ૨૦૨૪ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ ભલામણ મંજુર કરવા અંગે.

(૫) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નું મહેસુલી અંદાજપત્ર મંજૂર કરવા અંગે. પાના નં.૬

(૬) સને ૨૦૨૨-૨૩ ના વર્ષનો સરકારી ઓડીટરનો અહેવાલ વંચાણે લેવા બાબત.

(૭) સોસાયટીના પેટાનિયમોમાં સુચવેલ પાના નં. ૧૨, ૧૩ અને ૧૪ પરના સુધારાઓને મંજૂરી આપવા બાબત.

(૮) સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં સહકારી કાયદાની મર્યાદામાં ભેટ આપવા મંજૂરી આપવા અંગે.

(૯) સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના મંડળીના આંતરિક હિસાબો તપાસવા વ્યવસ્થાપક મંડળે કરેલ ઓડીટરની નિમણૂંકને બહાલી આપવા અને આગામી વર્ષ સને ૨૦૨૪-૨૫ માટે આંતરિક ઓડીટરની નિમણૂંક કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા આપવા અંગે.

(૧૦) વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત માટે વિવિધ વિભાગો/કચેરીઓના રોકડશાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા કેશીયરશ્રીઓનો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

(૧૧) પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થતા અન્ય પ્રશ્નો/રજૂઆતો અંગે.

**તારીખ : ૦૨-૦૫-૨૦૨૪**
**સ્થળ : ગાંધીનગર**

**વ્યવસ્થાપક મંડળ વતી,**
**કીર્તિ એલ. પટેલ**
**પ્રમુખ**

## પ્રમુખ સ્થાનેથી

**માનવંતા સભાસદ મિત્રો,**

આપણી સંસ્થાની ૪૩મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેને હૃદયપૂર્વક આવકારૂ છું. સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સને ૨૦૨૩-૨૦૨૪ ના મંજુર થયેલ વાર્ષિક હિસાબો તથા આંતરિક અન્વેષણ અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું. સર્વે સભાસદ મિત્રો, વ્યવસ્થાપક સમિતિના મારા સાથી મિત્રો અને થાપણદાર મિત્રોના સાથ સહકાર તેમજ કર્મચારી મિત્રોની કર્તવ્ય નિષ્ઠાથી સંસ્થા અવિરત પ્રગતિ કરી રહી છે. પ્રગતિની વિગતો વ્યવસ્થાપક મંડળના અહેવાલમાં મારા સાથી મિત્ર અને સંસ્થાના **માનદમંત્રીશ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ** દ્વારા વિગતવાર દર્શાવેલ છે. તેથી પુનરાવર્તન ન કરતાં કેટલીક મહત્વની બાબતો તરફ આપનું ધ્યાન દોરૂ છું.

સને ૨૦૨૩-૨૪ માં સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સભાસદોના હીતમાં મુખ્યત્વે નીચે મુજબના અગત્યના નિર્ણયો લેવામાં આવેલ છે.

૧. આપણી સંસ્થાના સભાસદો પોતાની બચતોનું મહત્તમ રોકાણ સંસ્થામાં કરી શકે તે માટે આ વર્ષે સંસ્થા દ્વારા થાપણોના વ્યાજ દરોમાં વધારો કરવાનો નિર્ણય લઇ ૧૨,૨૪ તથા ૩૬ માસની થાપણો પર અનુક્રમે ૭.૫%, ૮.૦૦% તથા ૮.૫૦% ના દરે થાપણો સ્વીકારવાનું ચાલુ કરેલ છે, સાથે સાથે આપણી સંસ્થાના નિવૃત્ત સભાસદો, તેઓના પરિવારજનો તથા અન્ય જાહેર જનતા પણ સંસ્થામાં નિયમોને આધિન નોમીની સભાસદ તરીકે થાપણો મુકી શકે તેવો મહત્વનો નિર્ણય લીધેલ છે.

૨. સભાસદોની થાપણ ઓટો રીન્યુ કરવા અંગેની રજૂઆતને ધ્યાને લઇ ચાલુ વર્ષથી મુકવામાં આવતી થાપણો ઓટો રીન્યુ થઇ શકશે તેવો નિર્ણય લેવામાં આવેલ છે.

૩. ૨૦૨૩-૨૪ના વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૧ સભાસદના વારસદારને રૂા ૨ લાખની સહાય સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે.

**નફો :-**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સંસ્થાએ રૂા.૮૩,૧૦,૪૩૫.૫૧ નો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ નફો કરવાની સિધ્ધિ હાસલ કરેલ છે તે આપણા સર્વે તથા સંસ્થા માટે ગૌરવ લઇ શકાય તેવી બાબત છે.

**થ્રિફ્ટ ફંડ વ્યાજ અને શેર ડિવિડન્ડ :-**

સંસ્થાની અવિરત પ્રગતિ અને વિકાસના પરિપાક રૂપે વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં થ્રિફ્ટ ફંડ ઉપર ૯% વ્યાજ તથા શેર ઉપર ૧૪% પ્રમાણે ડિવિડન્ડ ચુકવવાની ભલામણ કરવામાં આવી છે.

**કેશ ક્રેડિટ :-**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા મંજુર થયેલ કેશ ક્રેડિટની મર્યાદા કે જે અગાઉના વર્ષમાં રૂા.૪ (ચાર) કરોડની હતી જે આ ચાલું વર્ષે રૂા.૭૫ લાખ વધારી રૂા.૪.૭૫ કરોડ ની મંજૂર કરવામાં આવી છે. જે માટે

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ, અધિકારીશ્રી કિરીટભાઇ ઠાકર તથા બેંક ઈન્સ્પેક્ટરશ્રી રાકેશભાઇ પટેલ નો હૃદયપૂર્વક આભાર માનું છું. કેશ ક્રેડિટ પર વ્યાજનો દર જે હાલમાં ૧૧% છે તે ઘટાડવા અંગે પણ વ્યવસ્થાપક મડળ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે.

**સભાસદ કલ્યાણ ફંડ :-**

સંસ્થાના સભાસદ તથા કર્મચારીના અવસાનના કીસ્સામાં રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) પૂરા ની સહાય સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

સંસ્થાના સભાસદોને ભવિષ્યમાં નિવૃત્તિ પેટે ચૂકવવાના ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષમાં સભાસદ કલ્યાણ ફંડમાં રૂા.૩૬,૦૮,૪૬૪/- જેટલી માતબર રકમની ફાળવણી સૂચવેલ છે.

**ભોજન વ્યવસ્થા :-**

**આથી સર્વે સભાસદ મિત્રોને જણાવતાં હર્ષની લાગણી અનુભવુ છું કે, આપણી આગામી તા.૨૬/૦૬/૨૦૨૪ ને બુધવારના રોજ યોજાનાર સાધારણ સભામાં ભોજનની વ્યવસ્થા સાંજે ૭-૩૦ કલાકે ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨ ખાતે** રાખેલ છે અને ભોજન વ્યવસ્થામાં અવ્યવસ્થા કે અસુવિધા ઉપસ્થિત થાય નહી તે માટે **દરેક સભાસદે પોતાના આઇ-કાર્ડ સાથે સાધારણ સભામાં હાજર રહેવા વિનંતી છે.** વધુમાં **ભોજન વ્યવસ્થા ફક્ત સભાસદ પૂરતી સિમિત રાખેલ છે** જેની નોંધ લેવા વિનંતી છે.

**સભાસદ ભેટ અંગે :-**

સાધારણ સભાની અનુમતિથી દર વર્ષે સભાસદોને રૂા ૭૫૦ની મર્યાદામાં ભેટ આપવામાં આવે છે. તેમાં ગત વર્ષે રૂા.૨૫૦/- નો વધારો કરી રૂા.૧૦૦૦/- નીમર્યાદામાં સભાસદોને ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન સતત કાર્યદક્ષતા અને ઉત્સાહ દાખવી રોજ-બરોજની કામગીરીમાં સક્રિય રસ લેનારા મારા સાથી મિત્ર અને માનદમંત્રીશ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન નિરંતર સાથ સહકાર અને માર્ગદર્શન પુરૂ પાડવા બદલ મારા તમામ સાથી હોદ્દેદાર મિત્રો અને વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ હોદ્દેદાર મિત્રો, એસોશિએશનના હોદ્દેદાર મિત્રો, સંસ્થાના મેનેજર અને કર્મચારીગણ, સંસ્થાના આંતરિક ઓડિટરશ્રી રાકેશ પારેખ, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સ્ટેટ બેંકના મેનેજરશ્રી તથા કર્મચારી મિત્રો તેમજ ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના અધિકારીશ્રી ઠાકર સાહેબ, બેંક ઈન્સ્પેક્ટરશ્રી રાકેશભાઇ પટેલ, મેનેજરશ્રી તેમજ સર્વે કર્મચારીગણ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી કોદરભાઇ પટેલ, સંસ્થાના પ્રોગ્રામરશ્રી સુનિલભાઇ શુક્લ, તેમજ વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત નિયત સમયમર્યાદામાં કરવા બદલ તમામ વિભાગની રોકડશાખાના કર્મચારીઓ, કેશિયરશ્રીઓ અને અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહયોગ અને સહકાર બદલ વ્યક્તિગત રીતે અને સંસ્થા વતી હાર્દિક આભાર માનુ છું.

અંતમાં સંસ્થા વધુને વધુ પ્રગતિ સાધે અને સિધ્ધિના સર્વોચ્ચ શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા સાથે વિરમુ છું.

**આપનો,**
**કીર્તિ એલ. પટેલ**
**પ્રમુખ**

# વ્યવસ્થાપક મંડળનો અહેવાલ સને ૨૦૨૩-૨૦૨૪

૩૧ મી માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થતા આપણી સોસાયટીના ૪૩મા વર્ષનો અહેવાલ અને હિસાબો આપની સમક્ષ રજૂ કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

**સભાસદ સંખ્યા :૨૧૯૦**

તા.૩૧ મી માર્ચ ૨૦૨૩ ના રોજ પુરા થતાં વર્ષના અંતે સોસાયટીની સભ્ય સંખ્યા ૧૯૯૭ હતી જેમાં વર્ષ દરમ્યાન કુલ ૨૭૭ નવા સભાસદોને પ્રવેશ આપવાથી કુલ સભ્ય સંખ્યા ૨૨૭૪ થવા પામેલ, જે પૈકી વર્ષ દરમ્યાન ૨ સભાસદના અવસાન થવાથી, ૭૦ સભાસદો નિવૃત્ત થવાથી અને ૧૨ સભાસદોએ સ્વૈચ્છિક રાજીનામા આપવાના કારણે છૂટા થવાથી તા.૩૧મી માર્ચ ૨૦૨૪ને અંતે કુલ સભાસદ ૨૧૯૦ રહેવા પામેલ છે. વર્ષ દરમ્યાન દિવંગત સભાસદોના વારસદારને મૃત્યુસહાય પેટે રૂા.૨,૦૦,૦૦૦/- તથા નિવૃત્ત સભાસદોને નિવૃત્તિ સહાય પેટે રૂા.૧૪,૨૦,૦૦૦/- ચુકવવામાં આવેલ છે.

**ધિરાણ :-**

સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ દરમ્યાન સોસાયટી દ્વારા ધિરાણ અને વસુલાત ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવેલ છે. જે સોસાયટીના વ્યવસ્થાપક મંડળના સહિયારા પુરૂષાર્થનું પરિણામ છે. સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંતે સોસાયટીની ધિરાણ બાકી રૂા.૨૬,૧૪,૭૭,૫૫૦/- હતી જ્યારે સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ દરમ્યાન રૂા.૨૩,૦૪,૦૪,૨૦૪/- નું ધિરાણ કરેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૪ ને અંતે કુલ ધિરાણ રૂા.૪૯,૧૮,૮૧,૭૫૪/- થયેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન રૂા.૧૭,૫૧,૪૫,૫૦૪/- ની વસુલાત થયેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૪ ના રોજ રૂા.૩૧,૬૭,૩૬,૨૫૦/- ધિરાણ બાકી રહે છે.

**બાંધી મુદત થાપણ :-**

તા.૦૯-૧૦-૨૦૧૯ થી સંસ્થામાં થાપણો સ્વિકારવાની શરૂ કરવામાં આવેલ હતી જેમાં ઉત્તરોત્તર વધારો થતાં તા.૩૧-૦૩-૨૦૨૪ ના રોજ થાપણ બાકી રૂા.૯,૮૩,૩૦,૩૭૨/- રહેવા પામેલ છે.

**બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ :-**

સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ દરમ્યાન બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ ખાતામાં નાણાનો પ્રવાહ સતત ચાલુ રહેવા પામેલ છે. જેને પરિણામે તા.૩૧-૩-૨૦૨૪ ના રોજ અનુક્રમે બચત ખાતામાં રૂા.૧,૪૯,૩૧,૧૧૭/-, સ્પે. બચત ખાતામાં રૂા.૪,૯૪,૬૩,૭૩૦/-, રીકરીંગ ખાતામાં રૂા.૩૬,૯૧,૩૦૦/- અને સ્પે. રીકરીંગ ખાતામાં રૂા.૬૫,૦૬,૮૦૦/-મળી કુલ એકત્રિત બચત રૂા.૭,૪૫,૯૨,૯૪૭/- રહેવા પામેલ છે. આ માટે સોસાયટીમાં વિશ્વાસ અને શ્રધ્ધા સાથે બચત, રીકરીંગ અને થાપણ મુકનાર તમામ થાપણદારોનો વ્યવસ્થાપક મંડળ હાર્દિક આભાર માને છે.

**ફરજિયાત બચત (થ્રિફ્ટફંડ) પર વ્યાજ :-**

સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ દરમ્યાન જમા આવેલ થ્રિફ્ટ ફંડની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા પેટા નિયમ-૫૬ (૨) ની જોગવાઈ મુજબ ૯% વ્યાજની જોગવાઇ કરવામાં આવેલ છે.

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## શેર ડિવિડન્ડ

સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ દરમ્યાન વસુલ આવેલ તેમજ જમા બાકી રહેતા શેર ફાળાની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા સહકારી કાયદાની જોગવાઈ અનુસાર ૧૪% ડિવિડન્ડ ચુકવવાનું સુચવવામાં આવે છે.

## નફાની ફાળવણી

સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષના અંતે રૂા ૮૩,૧૦,૪૩૫.૫૧ નફો થવા પામેલ છે. જેની ફાળવણી જિલ્લા રજીસ્ટ્રાર શ્રીની મંજુરીની અપેક્ષાએ નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૮,૩૧,૦૪૪.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૩ થી તા.૩૧-૦૩-૨૦૨૪ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૪ | ૧૯,૮૬,૭૩૬.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૩ થી તા.૩૧-૦૩-૨૦૨૪ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૨૭,૮૬૬.૫૧ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૨,૦૭,૭૬૦.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૨,૪૬,૫૬૫.૦૦ | ૪૨,૯૯,૯૭૧.૫૧ |
| | **બાકી વહેંચણીપાત્ર નફો** | | | **૪૦,૧૦,૪૬૪.૦૦** |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૩,૦૦,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૧,૦૨,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૬,૦૮,૪૬૪.૦૦ | ૪૦,૧૦,૪૬૪.૦૦ |
| | **કુલ ફાળવણી** | | | **૮૩,૧૦,૪૩૫.૫૧** |

## મહેસુલી અંદાજપત્ર સને ૨૦૨૪-૨૦૨૫

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| વ્યાજ આવક | ૩,૦૫,૦૦,૦૦૦.૦૦ | વ્યાજ ખર્ચ | ૧,૬૧,૦૦,૦૦૦.૦૦ |
| અન્ય આવક | ૩,૦૦,૦૦૦.૦૦ | વહીવટી તથા અન્ય ખર્ચ | ૬૭,૦૦,૦૦૦.૦૦ |
| | | નફો | ૮૦,૦૦,૦૦૦.૦૦ |
| **કુલ** | **૩,૦૮,૦૦,૦૦૦.૦૦** | **કુલ** | **૩,૦૮,૦૦,૦૦૦.૦૦** |

વ્યવસ્થાપક મંડળ વતી,
**વિશ્વજીતસિંહ જી. ચૌહાણ**
માનદ્‌મંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## ચુંટણીની જાહેરાત અને કાર્યક્રમ

(૧) વ્યવસ્થાપક મંડળના વર્તમાન સભ્યો સર્વ (૧) **સુશ્રી સમીક્ષા હરજીવનભાઇ કમાણી** (૨) **શ્રી તારક જશુભાઇ પટેલ** (૩) **શ્રી રૂદ્રદત્તસિંહ ભરતસિંહ વાઘેલા** (૪) **શ્રી કીર્તિ લક્ષ્મણભાઇ પટેલ** (૫) **શ્રી જૈમિન જયંતિભાઇ પટેલ** પેટા નિયમની જોગવાઇ મુજબ ક્રમાનુસાર નિવૃત્ત થાય છે. આ પાંચ જગ્યા માટે આગામી તા. ૨૫-૦૬-૨૦૨૪ ને મંગળવારના રોજ ચુંટણી યોજવામાં આવનાર છે. નિવૃત્ત થતાં વ્યવસ્થાપક મંડળના સભ્યો પણ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૨) મતદારયાદીમાં નોંધાયેલા હોય તે પૈકી કોઇ પણ સભ્ય ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૩) ઉમેદવારી પત્રક માન્ય રાખવા કે રદ કરવા તેમજ ચુંટણી અંગેના કોઇપણ વિવાદ બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) મતદારોએ મતદાન વખતે વિભાગ / કચેરી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. ઓળખપત્ર કે અન્ય ઓળખ માટે પુરાવાઓ ન હોય તેવા સંજોગોમાં મતદાન કરવા દેવું કે કેમ? તે બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) ઉમેદવારી પત્રક સાથે મતદાર યાદી રૂ. ૨૫/- ની કિંમત ચુકવ્યેથી સોસાયટીના કાર્યાલયના સમય દરમ્યાન મળી શકશે.

(૬) ઉમેદવારી પત્રક સાથે રૂ ૨૫૦.૦૦ (રૂપિયા બસો પચાસ પુરા) ડીપોઝીટ તરીકે આપવાના રહેશે.

(૭) ચુંટણીમાં થયેલ કુલ મતદાનના ૧૦% કરતાં ઓછા મત મેળવનાર ઉમેદવારની ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૮) ચુંટણી અધિકારીની નિમણુંક અંગેની જાહેરાત સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

### ચુંટણી કાર્યક્રમ

| અ.નં. | કાર્યક્રમની વિગત | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | ઉમેદવારી પત્રકની વહેંચણી | ૦૧-૦૬-૨૦૨૪ થી ૦૭-૦૬-૨૦૨૪ | શનિવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૨. | ઉમેદવારી પત્રક ભરીને પરત કરવા અંગે | ૦૧-૦૬-૨૦૨૪ થી ૦૭-૦૬-૨૦૨૪ | શનિવાર થી શુક્રવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૩. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદ પ્રાથમિક યાદીની પ્રસિધ્ધિ | ૦૭-૦૬-૨૦૨૪ | શુક્રવાર | સાંજના ૬-૧૫ કલાક સુધી | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૪. | ઉમેદવારી પત્રક પરત ખેંચવા અંગે | ૧૦-૦૬-૨૦૨૪ થી ૧૧-૦૬-૨૦૨૪ | સોમવાર મંગળવાર | સવારના ૧૧ થી સાંજના ૬ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૫. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધિ | ૧૧-૦૬-૨૦૨૪ | મંગળવાર | સાંજના ૬-૧૫ કલાક સુધી | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૬. | ગુપ્ત મતદાન દ્વારા ચુંટણી અને ચુંટણી સ્થળ | ૨૫-૦૬-૨૦૨૪ | મંગળવાર | સવારના ૧૦ થી સાંજના ૬-૧૦ સુધી | સચિવાલય સંકુલ બ્લોક નં ૬ના ભોંયતળીયે. |
| ૭. | મત ગણતરી અને મત ગણતરી સ્થળ | ૨૫-૦૬-૨૦૨૪ | મંગળવાર | સાંજના ૮ કલાક થી | જુના સચિવાલય કેન્ટીન |
| ૮. | વિધિસરના પરિણામની જાહેરાત | ૨૬-૦૬-૨૦૨૪ | બુધવાર | સાંજના ૬-૧૫ કલાકે | ઉમીયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સે-૧૨ |

તારીખ : ૦૨-૦૫-૨૦૨૪
સ્થળ : ગાંધીનગર.

વ્યવસ્થાપક મંડળ વતી,
**માનસી ડી. ખોખાણી**
ઉપપ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

## ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ

**તા. ૩૦-૦૬-૨૦૨૩ ને શુક્રવાર ના રોજ યોજાયેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ**

આજ રોજ તા. ૩૦-૦૬-૨૦૨૩ ને શુક્રવારે સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ખાતે સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મળેલ જે નોન કોરમ થતાં અડધા કલાક બાદ એટલે કે ૬-૪૫ કલાકે પેટા નિયમ ૩૧ ની જોગવાઈ મુજબ તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

આજની સભામાં અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખશ્રી જૈમિન જે. પટેલના નામની દરખાસ્ત સંસ્થાના માનદમંત્રીશ્રી હિરેન એચ. રાઠોડ દ્વારા કરવામાં આવી જેને સંસ્થાના સહમંત્રી સુશ્રી સમિક્ષાબેન એચ. કમાણી દ્વારા ટેકો આપવામાં આવતાં સાધારણ સભાના અધ્યક્ષ તરીકે શ્રી જૈમિન જે. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી અને નીચે દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**ઠરાવ નં.૧**

સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ. હરેશકુમાર વી. વાઘેલા (૩૧૭૬), વૈ.અને સં.બા. વિભાગને આજની સભા શોકાંજલી અર્પણ કરે છે અને તેઓના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવે છે.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં. ૨**

આજની સામાન્ય સભામાં સોસાયટીના પેટા નિયમ પરિશિષ્ટ 'બ' ની જોગવાઈ પ્રમાણે તા. ૨૮-૦૬-૨૦૨૩ને બુધવારના રોજ વ્યવસ્થાપક મંડળના સભ્યોની થયેલ ચૂંટણીનું પરિણામ મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી વિજયસિંહ પી. ચાવડા દ્વારા જાહેર કરવામાં આવ્યું જેને સાધારણ સભાએ સહર્ષ સ્વીકારી મંજૂરી આપી. ચૂંટણીના પરિણામ અને વિજેતા ઉમેદવારોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ઉમેદવારનું નામ | મેળવેલ મતો |
|---|---|---|
| ૧ | સુશ્રી અરૂણાબેન ઈશ્વરલાલ પટેલ | ૧૦૩૩ |
| ૨ | સુશ્રી શ્રુતિબહેન પરેશકુમાર પટેલ | ૧૦૨૬ |
| ૩ | શ્રી દિલીપકુમાર વાઘજીભાઈ દેસાઈ | ૯૬૬ |
| ૪ | શ્રી હિતેશ જયંતિલાલ પટેલ | ૯૩૦ |
| ૫ | શ્રી જયદિપસિંહ ઈન્દ્રજીતસિંહ ગોહિલ | ૯૦૪ |

આમ ઉપર્યુક્ત પાંચ ઉમેદવારો પ્રથમ ક્રમે આવતા હોઈ વિજેતા જાહેર કરવામાં આવ્યા.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૩** આજની સભામાં સોસાયટીની ગત તા. ૨૪-૦૬-૨૦૨૨ ને શુક્રવાર ના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવામાં આવી વિસ્તૃત ચર્ચાના અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૪** (અ) આજની સભામાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષના વાર્ષિક અહેવાલ તથા તારીખ ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ પૂર્ણ થતાં નાણાકિય વર્ષના હિસાબો વંચાણે લેવામાં આવ્યા અને મંજુર રાખવાનું ઠરાવાયું

(બ) માર્ચ-૨૦૨૩ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ નીચે મુજબની નફાની ફાળવણીને બહાલી આપવામાં આવી.

**નફાની ફાળવણી**

સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના અંતે રૂા.૭૬,૪૪,૬૮૮.૫૦ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૭,૬૪,૪૬૯.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૫ | ૧૯,૩૫,૨૬૦.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૨૧,૭૨૪.૫૦ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૧,૯૧,૧૧૭.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૧,૪૬,૭૦૩.૦૦ | **૪૦,૫૯,૨૭૩.૫૦** |
| | **બાકી વહેંચણીપાત્ર નફો** | | | **૩૫,૮૫,૪૧૫.૦૦** |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૨,૮૫,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૭૪,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૨,૨૬,૪૧૫.૦૦ | **૩૫,૮૫,૪૧૫.૦૦** |
| | **કુલ ફાળવણી** | | | **૭૬,૪૪,૬૮૮.૫૦** |

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૫** આજની સભામાં વાર્ષિક વહીવટી અહેવાલના પાના નં.૬ ઉપર દર્શાવેલ આગામી સને ૨૦૨૩-૨૪ ના વર્ષનું મહેસુલી અંદાજપત્ર વંચાણે લેવામાં આવ્યું અને મંજૂર રાખવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૬** આજની સભામાં સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષના નફા માંથી આપવામાં આવતી ભેટ બાબતે ચર્ચા કરવામાં આવી અને સહકારી કાયદાની મર્યાદામાં સભાસદોને ભેટ આપવી તેમ ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૭** આજની સભામાં સોસાયટીના સને ૨૦૨૨-૨૩ ના વર્ષના વાર્ષિક હિસાબો અને આંતરીક અન્વેષણ માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા નિમવામાં આવેલ ઓડીટરશ્રી બી.કે.ચાવડા એન્ડ કું. ની નિમણૂંકને બહાલી આપવામાં આવી અને આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે આંતરિક અન્વેષકની નિમણૂંક કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને સોંપવાનું ઠરાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૮** આજની સભામાં સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થાના ધિરાણની વસૂલાત માટે સચિવાલયના વિવિધ વિભાગો અને કચેરીઓના રોકડ શાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને કેશીયરશ્રીઓ નો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૯ પ્રમુખ સ્થાનેથી, સભાના અધ્યક્ષની મંજૂરીથી**

(૧) આજની સભામાં શ્રી દિપકભાઇ એસ. પટેલ, સભાસદ ક્રમાંક ૩૨૬૨ દ્વારા અવસાન પામનાર સભાસદના વારસદારને હાલ કરતા વધારે સહાય આપવા અંગે વિચારણા કરવા બોર્ડ ઓફ ડીરેક્ટર્સને સૂચન કરવામાં આવ્યુ. જેના અનુસંધાને પ્રમુખશ્રી દ્વારા સંસ્થાના સભાસદોને હાલમાં આપવામાં આવતી સહાય બાબતે માહીતી આપી તેમજ આગામી સમયમાં સંસ્થાની નાણાકીય સધ્ધરતા ધ્યાનમાં લઇ જરૂરી વિચારણા કરવામાં આવશે તેમ જણાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

(૨) આજની સભામાં શ્રી નિયત પટેલ, સભાસદ ક્રમાંક ૩૬૧૧ દ્વારા હાલમાં મુકવામાં આવતી ફિક્સ ડીપોઝીટ પાકતી તારીખે ઓટો રીન્યુ કરવા બાબતનું સૂચન કરવામાં આવ્યુ તથા પ્રથમ વર્ષના ફીક્સ ડીપોઝીટના વ્યાજદરમાં વધારો કરવાનું સૂચન કરવામાં આવ્યુ. જેના અનુસંધાને પ્રમુખશ્રી દ્વારા આગામી વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં ઓટો રીન્યુઅલ બાબતે તેમજ વ્યાજદરમાં રીવ્યુ કરવા જરૂરી વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ ખાતરી આપવામાં આવી.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

(૩) આજની સભામાં રવિ પટેલ, સભસાદ ક્રમાંક ૪૧૨૦ દ્વારા સભાસદોને અન્ય સંસ્થા (GUJCOMASOL) ની જેમ સસ્તા / રાહતદરે ગ્રુપ મેડીક્લેઇમ ઈન્સ્યોરન્સ મળી રહે તે માટે સૂચન કરવામાં આવ્યુ. જે અન્વયે પ્રમુશ્રી દ્વારા આગામી સમયમાં મેડીકલેઈમ / ગ્રુપ પોલીસી માટે તપાસ કરી જરૂરી વિચારણા કરવામાં આવશે અને સભાસદોના હિતમાં નિર્ણય લેવામાં આવશે તેમ જણાવાયું.

**- ઠરાવ સર્વાનુમતે મંજૂર**

અન્ય કોઇ કામગીરી બાકી ન રહેતાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ દ્વારા હાજર રહેલા સભાસદો, વ્યવસ્થાપક મંડળ, સંસ્થાના મેનેજર, કર્મચારી મિત્રો, ચૂંટણી અધિકારીશ્રી વિજયસિંહ પી. ચાવડા, ચૂંટણી સ્ટાફ તથા ઉમિયામાતા સંસ્થાનનો આભાર માનવામાં આવ્યો અને સભાની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

| | |
|---|---|
| **(જૈમિન જે. પટેલ)** | **(હિરેન એચ. રાઠોડ)** |
| **પ્રમુખ** | **માનદમંત્રી** |

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

**<u>૨૦૨૩-૨૦૨૪ ના વર્ષના થ્રિફ્ટફંડ વ્યાજ, શેર ડિવિડન્ડની ચુકવણી અંગેની જાહેરાત</u>**

આથી તમામ સભાસદ મિત્રોને જણાવવાનું કે, સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનું થ્રિફ્ટફંડ વ્યાજ તથા શેર ડિવિડન્ડની રકમ **<u>સભાસદ મિત્રોના સ્પે. બચતખાતામાં તા.૧૦/૦૭/૨૦૨૪ ના રોજ જમા આપવામાં આવશે ત્યારબાદ સભાસદ ઈચ્છે ત્યારે પોતાના સ્પે. બચત ખાતામાંથી રકમ ઉપાડી શકશે.</u>**

## અગત્યની સુચના

(૧) સને ૨૦૨૩-૨૦૨૪ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પૈકી **<u>કોઈ મુદ્દા અંગે સાધારણ સભામાં સ્પષ્ટતા મેળવવા ઈચ્છતા સભાસદ મિત્રોએ, સાધારણ સભામાં યોગ્ય ખુલાસો થઈ શકે તે માટે મુદ્દાઓની અગાઉથી લેખિતમાં જાણ બે નકલમાં તા. ૧૫-૦૬-૨૦૨૪ને શનિવાર સુધીમાં કાર્યાલયમાં કરવાની રહેશે અન્યથા પ્રમુખશ્રીની મંજુરીથી પ્રશ્નો પુછી શકાશે.</u>**

(૨) વાર્ષિક હિસાબો, સરવૈયા અને નફા-નુકશાન ખાતાને સંબંધિત પ્રશ્નો અલગ-અલગ કાગળ પર આપવાના રહેશે.

(૩) સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં અવશ્યય સાથે લાવવા વિનંતી છે.

(૪) તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના શેર સર્ટીફીકેટ તૈયાર છે. જે સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

(૫) **સને ૨૦૨૫ ના વર્ષના કેલેન્ડર રોકડેથી ખરીદ કરવા ઈચ્છતા સભાસદે ૧૫ મી ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં સંસ્થામાં રૂબરૂ સંપર્ક કરવા અને એડવાન્સ રકમ ભરી દેવા વિનંતી છે.**

## અગત્યની નોંધ

**આથી સર્વે સભાસદ મિત્રોને જણાવવાનું કે, સહકારી કાયદાની જોગવાઇ અન્વયે દરેક સભાસદે છેલ્લી પાંચ સાધારણ સભામાંથી કોઇ પણ બેમાં હાજર રહેવું ફરજીયાત છે. જો એમ ન થાય તો તે સભ્ય પદેથી દૂર થવાને પાત્ર થાય છે.**

વ્યવસ્થાપક મંડળ વતી,
**આનંદ બી. શ્રીમાળી**
સહમંત્રી

## પેટા નિયમોમાં સુચિત સુધારાઓ

| નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૮(૮)(૧) | જે વ્યક્તિ મંડળીના પેટાનિયમ ૮(૧) ના પરિશિષ્ટ "અ" અન્વયે સભાસદ નહી હોય અને મંડળીમાં બાંધી મુદત થાપણ કે ચાલુ મુદત થાપણ (બચત ખાતા, રીકરીંગ) વગેરેમાં રકમ મુકવા ઇચ્છા ધરાવતી હશે તે વ્યક્તિ રૂા. ૫૦-૦૦ દાખલ ફી ભરીને નોમીની સભાસદ થઇ શકશે. નોમીની સભાસદની મુદત દાખલ ફી ભર્યા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે. નોમીની સભાસદને વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે મુજબ બચતખાતા, રીકરીંગ, થાપણ કે બાંધી મુદત થાપણમાં રકમ મુકવા સિવાયના અને નોમીની સભાસદને મંડળીના સામાન્ય સભાસદને મળવાપાત્ર કોઇપણ પ્રકારના હક્ક કે લાભ મળી શકશે નહી. | જે વ્યક્તિ/સંસ્થા મંડળીના પેટાનિયમ ૮(૧) ના પરિશિષ્ટ "અ" અન્વયે સભાસદ નહી હોય અને મંડળીમાં બાંધી મુદત થાપણ કે ચાલુ મુદત થાપણ (બચત ખાતા, રીકરીંગ) વગેરેમાં રકમ મુકવા ઇચ્છા ધરાવતી હશે તે વ્યક્તિ/સંસ્થા રૂા ૫૦-૦૦ દાખલ ફી ભરીને "નોમીની સભાસદ" થઇ શકશે. નોમીની સભાસદની મુદત દાખલ ફી ભર્યા તારીખથી ત્રણ વર્ષ સુધીની રહેશે. નોમીની સભાસદને વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે મુજબ બચતખાતા, રીકરીંગ, થાપણ કે બાંધી મુદત થાપણમાં રકમ મુકવા સિવાયના અને નોમીની સભાસદને મંડળીના સામાન્ય સભાસદને મળવાપાત્ર કોઇપણ પ્રકારના હક્ક કે લાભ મળી શકશે નહી. | સંસ્થાઓને નોમીની સભાસદ બનાવી ડીપોઝીટ સ્વિકારવા માટે |
| ૪૮(અ)૬ | સભાસદોના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા ૩,૦૦,૦૦૦-૦૦ ની મર્યાદામાં અને સોસાયટીમાં સળંગ દશ વર્ષ સુધી સભાસદ રહ્યા બાદ સોસાયટીમાંથી રાજીનામું આપનાર સભાસદને રૂા ૧૫૦૦૦-૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પુરા) (સંસ્થાના પ્રવર્તમાન નિયમોનુસાર) નિવૃત્તિફંડ ચુકવવામાં આવશે. આ બધી રકમોની કપાત થાય પછીનો બાકી રહે તે ચોખ્ખો નફો ગણાશે. | સભાસદોના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા ૩,૦૦,૦૦૦-૦૦ ની મર્યાદામાં અને સોસાયટીમાં સળંગ દશ વર્ષ સુધી સભાસદ રહ્યા બાદ સોસાયટીમાંથી રાજીનામું આપનાર સભાસદને રૂા ૨૦૦૦૦-૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પુરા) (સંસ્થાના પ્રવર્તમાન નિયમોનુસાર) નિવૃત્તિફંડ ચુકવવામાં આવશે. આ બધી રકમોની કપાત થાય પછીનો બાકી રહે તે ચોખ્ખો નફો ગણાશે. | સભાસદની નિવૃત્તિ સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ. ગાંધીનગર

| નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૪૮(ફ) ૪(ક) | નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ ચુકવવાપાત્ર સભાસદના રાજીનામા કે મૃત્યુ પ્રસંગે રેકર્ડ પર નોંધાએલ સભાસદ દીઠ નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ માટે અનુક્રમે રૂા ૫-૦૦ અને રૂા ૩૦-૦૦ ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી રકમ સભાસદ પાસેથી ફાળો ઉઘરાવી એકત્ર થયેલ રકમ "સભાસદ કલ્યાણફંડ" ખાતે જમા કરવામાં આવશે. | નિવૃત્તિફંડ કે મૃત્યુફંડ ચુકવવાપાત્ર સભાસદના દરેક રાજીનામા કે મૃત્યુ પ્રસંગે રેકર્ડ પર નોંધાએલ સભાસદ દીઠ નિવૃત્તિફંડ અને મૃત્યુફંડ માટે અનુક્રમે રૂા ૨૫ અને રૂા ૧૦૦૦ ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી રકમ સભાસદ પાસેથી ફાળો ઉઘરાવી એકત્ર થયેલ રકમ "સભાસદ કલ્યાણફંડ" ખાતે જમા કરવામાં આવશે. | સભાસદના અવસાન કે નિવૃત્તિ સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |
| ૪૮(ફ)૪ (ક)(૨) | સોસાયટીના સભાસદના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા ૫,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની મર્યાદામાં મૃત્યુફંડ પેટે તેવા સભાસદની સોસાયટીની બાકી લ્હેણી રકમ વસુલ લઈ વારસદારને ચુકવી આપવામાં આવશે. | સભાસદના અવસાનના સંજોગોમાં મહત્તમ રૂા ૧૦,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા દશ લાખ પુરા) ની મર્યાદામાં જેમાં રૂા ૩,૦૦,૦૦૦-૦૦ સંસ્થા દ્વારા તથા બાકીના રૂા ૭,૦૦,૦૦૦-૦૦ સભાસદના અવસાન સમયે સંસ્થા ખાતે નોંધાયેલ સભાસદો પાસેથી સરખા ભાગે ફાળો એકત્ર કરીને ફાળામાંથી મૃત્યુફંડ પેટે તેવા સભાસદની સોસાયટીની બાકી લ્હેણી રકમ વસુલ લઈ વારસદારને ચુકવી આપવામાં આવશે. | સભાસદના અવસાન સમયે સહાયમાં વધારો કરવાના આશયથી. |
| ૫૬(૧) | સોસાયટી ફરજીયાત બચત (થ્રીફટફંડ) એકત્ર કરશે. જેમા તમામ સભાસદે દર મહીને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતુ મહત્તમ રૂા ૫૦૦-૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સોસાયટી ફરજીયાત બચત (થ્રીફટફંડ) એકત્ર કરશે. જેમા તમામ સભાસદે દર મહીને વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલી પરંતુ મહત્તમ રૂા ૨૦૦૦ ની મર્યાદામાં રકમ ફરજીયાત બચત (થ્રીફટફંડ) તરીકે અચુક આપવાની રહેશે. | સોસાયટીના સભાસદોની બચતો દ્વારા સ્વભંડોળ વધારવાના આશયથી. |

| નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૫૬(૪) | સભાસદ પાસેથી લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફટફંડ) ની રકમ લ્હેણી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર વસુલ ન આવે તો તે સમયગાળાની લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફટફંડ)ની રકમ પર વિલંબ થયેલ પ્રતિમાસ રૂા ૫-૦૦ લેખે વિલંબીત વ્યાજ વસુલ લેવામાં આવશે. | સભાસદ પાસેથી લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફટફંડ) ની રકમ લ્હેણી થયેલ તારીખથી ૬૦ દિવસની અંદર વસુલ ન આવે તો તે સમયગાળાની લ્હેણી થયેલ ફરજીયાત બચત (થ્રીફટફંડ)ની રકમ પર વિલંબ થયેલ પ્રતિમાસ રૂા ૫૦-૦૦ લેખે વિલંબીત વ્યાજ વસુલ લેવામાં આવશે. | ફરજીયાત બચત (થ્રીફટફંડ) ની વસુલાત સમયસર સંસ્થામાં જમા આવે તે હેતુસર . |
| એપેન્ડીક્ષ "અ" | વિભાગો અને કચેરીઓની યાદી | વિભાગો અને કચેરીઓની યાદી | વિભાગોના નામમાં ફેરફાર તથા નવા વિભાગ અસ્તિત્વમાં આવવાથી. |
| | કૃષિ અને સહકાર વિભાગ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | |
| | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | |
| | શ્રમ અને રોજગાર વિભાગ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | |
| | નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | |
| | રમતગમત, યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | |
| | બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | |
| | નવો | ક્લાઈમેટ ચેન્જ વિભાગ | |
| | નવો | મહીલા અને બાળ વિકાસ વિભાગ | |
| | નવો | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | |

